# સૌને માટે રાજકારણનું સામાન્ય જ્ઞાન..



પ્રકાશન - ગોપાલ મેઘાણી

પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com

06 – 12 – 12

# આભાર

આદરણીય શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી અને શ્રી ગોપાલભાઈ મેઘાણીનો

અક્ષરનાદને આ સુંદર પુસ્તકનું ઈ-સંસ્કરણ

પ્રસિદ્ધ કરવાની તક આપવા બદલ.

આવૃત્તિ 1, 2012

નકલ 15000

લોકશાહીના ચાહકો તરફથી લોકહિતાર્થે વિનામૂલ્યે

પ્રકાશક – ગોપાલ મેઘાણી

લોકમિલાપ

પો. બો. 23, સરદારનગર, ભાવનગર

ફોન (0278) 256 6402

ઈ-મેલ lokmilap@gmail.com

અક્ષરાંકન અને મુદ્રણ – પ્રતિભા ઓફસેટ પ્રિન્ટર્સ, ભાવનગર

ફોન 94262 07609

# અનુક્રમણિકા

સૌને માટે રાજકારણનું સામાન્ય જ્ઞાન ........................................................5

નિવેદન ........................................................................................32

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ..........................................................................34

# સૌને માટે રાજકારણનું સામાન્ય જ્ઞાન

હમણાં છાપામાં આંકડા આવ્યા છે તે મુજબ ગુજરાતમાં અત્યારે લગભગ ચાર કરોડ મતદારો છે. તેમાંથી 53 ટકા, એટલે કે લગભગ બે કરોડ, 18 થી 39 વરસ સુધીની ઉંમરના છે. અને આ વરસના અંત ભાગમાં થનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તેર લાખ યુવાનો પહેલી વાર મતદાર બનશે.

દરેક ચૂંટણી વખતે વિધાનસભાના નવા સભ્યો અને સરકારના નવા પ્રધાનો મેળવવાની ઉમેદ આપણે રાખીએ છીએ. પણ મોટેભાગે ઉમેદ ફળતી નથી. આલીયાને બદલે તેનો ભાઇ માલીયો આપણા ભાગ્યમાં આવે છે. કારણકે તેમને

ચૂંટનારા મતદારો નવા નથી હોતા, એની એ જૂની ઘરેડના હોય છે. પોતાની કોમ-નાતજાતનો, કે પોતાના રહેણાકના નાનકા વિસ્તારનો જ વિચાર કરીને ઘણાખરા લોકો મતદાન કરતા હોય છે. પૈસાની કે સરકારને ખરચે અમુક વસ્તુ મફત મેળવવાની લાલચ એમને દોરવતી દેખાય છે.

આ સ્થિતિમાં આપણે યાદ કરવા જેવો એક લેખ છે ‘કૂવો અને હવાડો’. આખા ભારતના પ્રખર ચિંતકોમાં જેમની ગણના થઇ છે એવા કિશોરલાલ મશરુવાળાના પુસ્તક’સમૂળી ક્રાંતિ’ માં એ સામેલ થયેલો છે. તેમાં કહ્યું છે કે આખી પ્રજા તો કૂવો છે અને રાજ્ય એ હવાડો છે. કૂવામાં ચોખ્ખું પાણી હશે તો જ, અને તેટલું જ, હવાડામાં આવશે.

આપણી પ્રજારૂપી કૂવો ચોખ્ખો રાખવા માટે કરોડો મતદારોને ધીમે ધીમે ધીરજપૂર્વક જાગ્રત કરવાના છે. મનુભાઇ પંચોળી કહ્યું છે તેમ: “ગોરા સાહેબને બદલે ઘઉંવર્ણા સાહેબો આવ્યા. તે આપણા મુનીમ છે, રાજ્ય આપણું છે તે આપણા લાભમાં ચાલે એ જાતની જાગૃતિ નથી, જ્ઞાન કે અભ્યાસ નથી. રાજકારણનું પાયાનું જ્ઞાન સૌને મળે તે જાતના પ્રજાકીય શિક્ષણની જરૂર છે. તે માટે આપણે જૂના વિચારો, જૂના આચારો, એવું કંઇ કંઇ બદલવું પડશે. નહીંતર એ જ મતદાનથી નબળાં તત્ત્વો સત્તા પર આવશે.”

રાજકારણનું પાયાનું જ્ઞાન સૌને મળે તે જાતનું શિક્ષણ પ્રજાને આપવાનું કામ આપણેકરવાનું છે. તેમાં સૌથી પહેલી વાત એ છે કે આપણે લોકશાહી સમાજ

રચવાનો છે. આ લોકશાહી આપણા દેશ માટે છ-સાત દાયકા જેટલી જ નવી વાત છે. આપણે ત્યાં એ આવી છે બ્રિટન અને અમેરીકામાંથી. ત્યાંની પ્રજાને એનો સૈકાઓનો અનુભવ છે. ત્યાંનાં શાણાં નરનારીઓએ લોકશાહી સમાજને માર્ગદર્શક એવા કેટલાક વિચારો જગત સામે મૂકેલા છે. તેમાંથી સાવ થોડાક અહીં રજૂ કર્યા છે:

* તમામ સરકારો અનિષ્ટ જ છે અને અનિષ્ટને પેદા કરનાર છે. ઉત્તમ સરકાર તે કે જે ઓછામાં ઓછું શાસન કરે.

* કોઇપણ માણસ આપમેળે એક ખરાબ કાયદાનો ભંગ કરવા નીકળે, તો સારા કાયદાનો ભંગ કરવાનો પરવાનો તે બીજા બધાને આપે છે.

* આખાયે ઝાડની મૂંગી જાણ વિના એક પાંદડું પણ જેમ પીળું પડતું નથી, તેમ આપણા બધાની છૂપી ઇચ્છા વગર પાપી પોતાનું પાપ આચરી શકતો નથી.

* એવું પૂછશો મા કે તમારો દેશ તમારે માટે શું કરી શકે? પૂછજો એમ કે તમારા દેશ માટે તમે શું કરી શકો તેમ છો?

*        શાસનવ્યવસ્થા વિશે જે ઘડીએ કોઇ પણ માણસ એમ કહે કે,”મારે એમાં શું લાગે વળગે?” તે ઘડીએ શાસન ગયું એમ સમજવું.

અનિષ્ટ સામે લડવા માટે હરકોઇ સાધનો વાપરવાની છૂટ છે એવું લોકો નક્કી કરે, તેની સાથે જ તેમના અનિષ્ટ અને જે અનિષ્ટનો નાશ કરવા એ નીકળેલા તેની વચ્ચે કશો ફરક રહેતો નથી.

*        નઠારા રાજકરતાઓને ચૂંટે છે એવા સજ્જન લોકો જે મતદાન કરવા જતા નથી.

*        લોકોનાં જંગલિયતભરેલાં કૃત્યો ભાગ્યે જ આકાશમાંથી ફૂટી નીકળતાં હોય છે. એક પછી એક થતા રહેતા પ્રહારોને ઓસરતી જતી ઘૃણા સાથે સ્વીકારી લેવા સમાજ ક્રમશ: ટેવાઇ જાય છે.

*        તમારે જેની જેની સાથે કામ પાડવાનું છે તે આ બધા માનવીઓની ભીતર, અમલદારો અને સરકાર અને લોકો સુદ્ધાંની પછવાડે, દેશ પોતે રહેલો છે, તમારો દેશ; અને જેમ તમે તમારી માતાના છો તેમ એ માતૃભૂમિના પણ છો. તો જેમ તમારી માતાની પડખે તમે ઊભા રહો, તેમ એ ભૂમિની પડખે પણ ઊભા રહેજો.

*  લોકશાહીની હત્યા ઓચિંતાના કોઇ ખૂની હલ્લાને લીધે થવાનો સંભવ નથી. એ તો જડતા , બેપરવાઇ અને અપોશણને પરિણામે ધીમે ધીમે થતો વિનાશ હશે.

*  બીજાની મહેનતનાં ફળ ઉપર જીવવાની માણસની ઇચ્છા એ જગતનાં પાપનું મૂળ છે.

*  કેળવણીએ એવો એક જંગી સમૂહ પેદા કર્યો છે જેને વાંચતાં આવડે છે, પણ વાંચવા જેવું શું છે તે પારખતાં આવડતું નથી. જે સમસનાટી અને સસ્તી ઉશ્કેરણીનો સહેલાઇથી શિકાર બને છે.

*	શિક્ષણ પ્રજાને સહેલાઇથી દોરી શકાય તેવી, પણ હાંકવામાં મુશ્કેલ એવી બનાવે છે; તેની પર સહેલાઇથી શાસન ચલાવી શકાય તેવી, પણ ગુલામ બનાવવી અશક્ય કરી મૂકે છે.

*	ચૂંટણીઓ જિતાય છે કારણકે મોટા ભાગના લોકો કોઇકની તરફેણમાં નહીં પણ કોઇકની વિરુદ્ધમાં મત આપે છે.

*	નિરંતર જાગૃતિ એ સ્વતંત્રતાનું મૂલ્ય છે.

*	કોઇની સામે યુદ્ધ જાહેર કરતી વેળા પણ વિનયવિવેકના નિયમો પાળવાના હોય છે.

*	દરેક દેશને તેને લાયક સરકાર મળી રહે છે.

*	સ્વતંત્રતા એટલે આપણા કરતાં જુદા વિચાર ધરાવનાર માનવીની સ્વતંત્રતા.

*	મુક્ત સમાજ એટલે એવો સમાજ કે જેમાં લોકોમાં અળખામણો મનુષ્ય પણ સલામત હોય.

*	ઝનૂનથી જંગાલિયત સુધી એક જ ડગલાનું અંતર છે.

*	તમારે જોઇતું હોય ત બધું તમને આપવા જેટલી મોટી જે સરકાર હશે, તે એ બધું લઇ લેવા જેટલી મોટી પણ હશે.

* સરકારનું પાપ તે આખા દેશનો અપરાધ છે.

* પોતાની સ્વતંત્રતા જેમણે સલામત રાખવી હશે તેણે પોતાના દુશ્મનનું પણ જુલમ સાથે રક્ષણ કરવું પડશે.

* જે માણસ દુષ્ટતાનો વિરોધ ન કરતાં તેને સ્વીકારી લે છે, તે ખરી રીત દુષ્ટતને સહકાર આપે છે.

* ઇતિહાસ આપણને શીખવે છે કે જે જે લોકે પ્રજાસત્તાકોની સ્વાધીનતાને ઉથલાવી પાડેલી છે, તેમાંથી મોટા ભાગનાઓએ પોતાની કારકિર્દીની શરૂઆત

પ્રજાની ખુશામતથી કરેલ છે.-લાંબો ઉશ્કેરાટભરેલા ભાષણખોર તરીકે આરંભ કરીને અંતે એ સિતમગર બન્યા છે.

* તમે જે કહો છો તેની સાથે હું સંમત નથી, પરંતુ તે કહેવાના તમારા અધિકારની હું જાનને જોખમે પણ રક્ષા કરીશ.

* જે અપરંપાર લોકો ગરીબ છે તેને જો મુક્ત સમાજ સહાય નહિ કરી શકે, તો જે થોડાક ધનવાન તેને એ બચાવી નહિ શકે.

* આખી માનવજાત એકમત હોય અને એક જ આદમી તેનો વિરોધી મત ધરાવતો હોય, તો એને બોઅલતો બંધ કરવાનું મનુષ્યજાતિ માટે એટલું જ

વાજબી ગણાય, જેટલું એ એકલ માણસ માટે એની પાસે તાકાત હોય તો આખી માણસજાતની જબાન બંધ કરવાનું વાજબી ઠરે.

* દુષ્ટ લોકો ક્યાંક બેઠા બેઠા દુષ્કર્મો કરતા રહેતા હોત અને એમને આપણા બધાથી અલગ પાડીને તેમનો નાશ કરવાની જ જરૂર હોત, તો તો વાત જુદી હોત. પણ પુણ્ય અને પાપ વચ્ચેની રેખા તો દરેક મનુષ્ય ના અંતરને વીંધીને ચાલી જતી હોય છે.

* મુક્ત માનવીઓની સ્વયંશિસ્ત જો લોખંડી પંજાના શાસનનો મુકાબલો ન કરી શકે, તો પછી સ્વાધીનતા ઉપરનું સંકટ વધતું જ રહેવાનું.

* સ્વતંત્રતાનો દુરુપયોગ કર્યા વિના તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે જો દુનિયા જાણતી હોત, તો સિતમગીરીનું અસ્તિત્વ ન હોત.

* લોકોની સામે જો સત્ય ધરો તો કોઇ પણ રાષ્ટ્રીય આપત્તિનો એ સામનો કરી શકશે, એવી ખાતરી રાખી શકાય. પણ મુખ્ય વાત સાચી હકીકત એમની સમક્ષ ધરવાની છે.

* રાજકારણ અને યુદ્ધનો અભ્યાસ મારે કરવો જોઇએ જેથી મારાં સંતાનોને ગણિત અને તત્વજ્ઞાનનો અભ્યાસ કરવાની સ્વતંત્રતા મળે. મારાં સંતાનોએ

ભૂગોળ, વેપાર અને ખેતીનો અભ્યાસ કરવો ઘટે, જેથી એમની સંતતિને ચિત્રકલા, કવિતા, સંગીત અને સ્થાપત્યનો અભ્યાસ કરવાનો અધિકાર મળે.

* તમામ યુગોમાં પૂજારીને નામે ઓળખાતા દંભીઓએ રાજા ગણાતા ચોરલૂંટારાના શિરે મુગટો પહેરાવેલા છે.

* ઇશ્વરને ઘેર ઇન્સાફ છે જ એવો વિચાર હું કરું છું ત્યારે, ખરેખર મારા દેશ્રે વિશે મને કંપારી છૂટે છે.

* પોતાની પ્રજાની સ્વતંત્રતાઓ માટે અતિ શક્તિશાળી નહીં એવી કોઇ પણ સરકાર મહાન કટોકટીઓ વેળા પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા જેટલી બળવાન બની શકે કે કેમ, એ લાંબા કાળથી એક કોયડો રહેલો છે.

* લોકોને સૌમ્ય રાખવા અને તેમને શાંતિ માટેનાં ધીરજભરેલાં કાર્યો ભણી વાળવા, એના કરતાં તેમને લડાઇ ભણી દોરી જવા અને તેમની લાગણીઓને ઉશ્કેરવી એ સહેલું છે.

* એક દેશનું રાજકીય સ્વરૂપ બદલવું તેના કરતાં ઘણું વધારે મુશ્કેલ કામ છે લોકોના માનસમાં પરિવર્તન લાવવાનું.

* જગતમાં ખોટ છે તે પરોપકારની નહીં પણ ન્યાયની.

* સજ્જન હોવું અને સારા નાગરિક હોવું, તે હંમેશાં એકસરખું નથી હોતું.

* નાગરિકને ભૂલ કરતો અટકાવવો, એ સરકારનું કામ નથી. સરકારને ભૂલ કરતી રોકવી, એ નાગરિકનું કર્તવ્ય છે.

* એકલા કાયદાઓથી વાણી-સ્વાતંત્ર્ય જાળવી શકાતું નથી.આખી પ્રજામાં સહિષ્ણુતાની ભાવના કેળવાયેલી હોવી જોઇએ.

* લોકો સાથે આપણે સમજદારીથી વાત કરવી ઘટે. આપણે એમને સત્ય કહેવું ઘટે કે મહેનત વગર મેવા મળતા નથી.

*        માનવીને વિશાળ ને મજબૂત બનાવો, અને *પછી જુઓ કે તેને માટે બેડીઓ બનાવવામાં સિઅતમગીરી નાદાર નીવડશે.

*        જે માણસ લોકોને વિચાર કરવાની ફરજ પાડે છે, તેના કરતાં જે એમને હસાવે છે તે વધારે મત મેળવે છે.

*        વર્તમાનપત્ર એ પ્રજાની વિદ્યાપીઠ છે. અરધોઅરધ વાચકો તેના સિવાય બીજું કશું વાંચતા નથી.

*        જેનો અમલ થઇ શકે નહીં તેવા કાયદા પસાર કરવા, એના કરતાં વધુ વિનાશકારક દેશના કાનૂનતંત્ર માટે બીજું કશું નથી.

* સરકારનું કામ લોકોને સુખની લહાણી કરવાનું નહીં, પણ લોકો પોતે પોતાનું સુખ ઉભું કરી લે તેવી તક તેમને આપવાનું છે.

* દુનિયામાં સૌથી મોટી ભ્રમણાઓમાંની એક છે એવી આશા કે અનિષ્ટોનું નિવારણ કાયદા ઘડવાથી થઇ જશે.

* બૂરા વિચારો સામેનું એકમાત્ર સંગીન શસ્ત્ર છેબહેતર વિચારો.

* દુષ્ટતાના મહાવિજય માટે જરૂરી એક જ વસ્તુ છે તે સજ્જનોની નિષ્ક્રિયતા.

* દમનનો ભોગ બનેલા લોકો જ્યારે તેમાંથી મુક્ત બને છે ત્યારે ઘણીવાર એ પોતે મોટા દમનકારી બનતા હોય છે.

* અજ્ઞાની સામાન્યજનો ચાહે તેટલા ક્રૂર હોય છતાં તે આપણા સૌથી ખરાબ દુશ્મનો નથી હોતા; આપણા ખરાબમાં ખરાબ દુશ્મનો તો ભણેલા ને ભ્રષ્ટ લોકો છે.

* જ્યાં નદીનું નામનિશાન ન હોય ત્યાં પણ પૂલ બાંધી આપવાનો કોલ રાજકારણીઓ આપતા હોય છે.

*	લોકપ્રિય સરકાર હંમેશાં સારી સરકારની ખાતરી આપશે એવું હજી સાબિત થયું નથી.

*	ભાષણખોરનો ભેદ એ છે કે તે પોતાની જાતને તેના શ્રોતાઓ જેટલો મંદબુદ્ધિ બનાવે છે, જેથી એ લોકો એવું માને કે તેઓ તેના જેટલા અકલમંદ છે.

*	આપણે દેશભક્ત ભલે બનીએ, પણ એટલું ન ભૂલીએ કે આપણે સદ્ ગૃહસ્થ છીએ.

*	કેટલીક વસ્તુઓ એવી છે કે આખા દેશને બચાવવા માટે પણ માણસે તે ન કરવી જોઇએ.

*        એવી કોઇ ફરિયાદ નથી કે જેનો નિકાલ ટોળાંશાહીથી જ કરી શકાય.

*        સ્વતંત્રતા અને લોકશાહીની આ થોડીક સદીઓ માનવ ઇતિહાસના ભાવનાપ્રધાન સૈકાઓ ગણાશે. ભવિષ્યમાં તો નહીં હોય વાણીસ્વાતંત્ર્ય કે ધાર્મિક સ્વાતંત્ર્ય-એ બધું અત્યારે દફનાવાઇ રહ્યું છે. સ્વતંત્રતાનું હજીતો મૃત્યુ થાય તે પહેલાં જ તેના પર માટી વાળવા તમામ હાથ કામે લાગી ગયા છે.

*        કોઇ માણસ અમુક વસ્તુ માટે પોતાનો જાન આપી દે તેથી જ એ સાચી ઠરી જતી નથી.

* આ વાત સાફ સાફ શબ્દોમાં કહેવી જોઇએ: પોતાના જીવનનિર્વાહ માટે જરૂરી હોય તેના કરતાં વધારે જે માણસ પાસે છે તે એક ચોર અને લૂંટારો છે.

* જે લોકો શાંતિમય ક્રાંતિ અશક્ય કરી મૂકે છે તે હિંસક ક્રાંતિને અનિવાર્ય કરી મૂકશે.

* તમારા દુશ્મન સાથે એવું વર્તન રાખજો કે જાણે કોઇક દિવસ એ તમારો દોસ્ત બનવાનો હોય.

* સ્વાધીનતાના વૃક્ષને વખતોવખત દેશભક્તોના રુધિર વડે લીલુંછમ રાખવું જોઇએ.

* સિતમગર એના ગુલામોને કચડી નાખે છે, અને એ ગુલામો તેનો સામનો કરતા નથી પણ પોતાની નીચેનાને કચડે છે.

* કોઇને પણ અન્યાયપૂર્વક કેદમાં પૂરનારી સરકારના રાજમાં ન્યાયી મનુષ્યનું સ્થાન પણ કારાવાસમાં છે.

* નકામા કાયદા જરૂરી કાનૂનોને નબળા પાડે છે.

* તમારો મત એ માણસને આપજો જે ઓછામાં ઓછી બાબતોમાં વચન આપતો હોય; એ તમને ઓછામાં ઓછો નિરાશ કરશે.

* કોઇ પણ કામ કરવાનો તરીકો એ છે કે તે કરવાનો જશ કોને મળે છે તેની પરવા ન કરવી.

* આપણા અંગત જીવનમાં જેટલી સંપૂર્ણતાનો આગ્રહ આપણે રાખીએ છીએ તેના કરતાં વધારેનો આપણા રાજકીય જીવન માટે રાખીએ છીએ.

* આપણી સામેનો પડકાર શો છે? આ દેશને જવાંમર્દોને જીવવાલાયક બનાવવાનો.

* રાજકારણમાં પ્રથમ પહેલું શું આવે છે? કેળવણી. પછી બીજું શું આવે છે? કેળવણી. અને ત્રીજું? કેળવણી.

* આપણે જેમને ધિક્કારીએ છીએ તેમની સ્વતંત્રતાઓ જ્યારે જ્યારે આપણે છીનવી લઇએ છીએ, ત્યારે ત્યારે જેને આપણે ચાહીએ છીએ તેમની સ્વતંત્રતા હરાઇ જવાનો રસ્તો આપણે ખુલ્લો કરીએ છીએ.

* બે અનિષ્ટોમાંથી જે નાનું લાગે એ તમે પસંદ કરો ત્યારે પણ એટલું યાદ રાખજો કે તે અનિષ્ટ તો છે જ.

* રાક્ષસોની સામે જે કોઇ લડે તેણે એટલો ખ્યાલ રાખવો જોઇએ કે એમ કરવા જતાં પોતે જ રાક્ષસ બની બેસે નહીં.

* આ દુનિયા એવા ઉત્સાહીની છે જે મગજ ઠંડું રાખી શકે છે.

* તમામ લોકોને તમે અમુક સમય સુધી બેવકૂફ બનાવી શકો; કેટલાક લોકોને તને કાયમને માટે પણ બેવકૂફ બનાવી શકો; પરંતુ તમામ લોકોને હંમેશને માટે ઉલ્લુ નહીં બનાવી શકો.

-----------------------------------------

# નિવેદન

આવી ટચુકડી પુસ્તિકા છપાવવાનો ખર્ચ નકલ દીઠ એક રૂપિયો આવે. પણ હજારો વાચકો પાસેથી એક-એક રૂપિયો ભેગો કરવાનું બહુ મુશ્કેલ બની જાય. એટલે આ પુસ્તિકાની વિનામૂલ્યે વહેંચણી કરવી અને તેનો ખરચ જુદા જુદા મિત્રો ઉપાડી લે તેમ વિચાર્યું છે. મિત્રોનું એક જૂથ રૂ.1000 ભેગા કરીને હજાર નકલ સામટી મગાવે અને પછી પોતાના વિસ્તારની શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ મારફત તેમનાં કુટુંબોમાં વિનામૂલ્યે પહોંચાડે. ગુજરાતમાં દસેક હજાર તો હાઇસ્કૂલો છે. તેમાંથી ફક્ત એક હજારના શિક્ષકો ધારે તો રૂ.1000 મોકલીને

હજાર નકલ મગાવી આ ઝુંબેશમાં ફાળો નોંધાવી શકે. પણ આ યોજનામાં હજાર અથવા તેના ગુણાંકમાં જ નકલો મળી શકશે.

- મહેન્દ્ર મેઘાણી

# અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ

અક્ષરનાદ.કોમ

## [ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ](http://aksharnaad.com)

અનેક ઈ-પુસ્તકો, એક ક્લિકે ડાઉનલોડ

http://aksharnaad.com